માનનીય અધ્યક્ષશ્રી,
રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને મળતી અનામતમાં વધારો કરી 27% બેઠકો આપવા બાબતના સુધારા વિધેયક પર ચર્ચા કરવા મને તક આપી તે બદલ આપનો આભારી છું.

માનનીય અધ્યક્ષ શ્રી
સૌ પ્રથમ ,આપ સાહેબશ્રીના દુરંદેશી વિઝન અને આધુનિક યુગની જરૂરિયાત મુજબ ઈ-વિધાનસભા બનાવવા બદલ આપને હ્રદયપૂર્વક અભિનંદન પાઠવું છું

માનનીય અધ્યક્ષશ્રી,
ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના 'સૌનો સાથ - સૌનો વિકાસ' ના મંત્ર સાથે ગુજરાતના સર્વ સમાજોને સંપૂર્ણ ન્યાય આપતા આપણા રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા બંધારણમાં નિર્દિષ્ઠ 'સામાજિક ન્યાય' ની સંકલ્પનાને સાકાર કરવા જે સક્રિયતા અને પ્રતિબધ્ધતાથી રાજ્ય સરકાર આગળ વધી રહી છે. તે બદલ રાજ્ય સરકારનો અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી,
આપના માધ્યમથી સન્માનનીય ગૃહના સૌ સભ્યોને મને જણાવતા આનંદ થાય છે કે રાજ્ય સરકારે આ એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. સમાજમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં વર્તમાનમાં મળતી 10% બેઠકોને વધારી 27% અનામત આપવાનો નિર્ણય કર્યો છે. તે આવકારદાયક છે અને જેને હું મારુ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી,
આ સુધારા વિધેયક પરથી સ્પષ્ટ છે કે આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "સૌનો સાથ, સૌનો વિકાસ" ના સંકલ્પ સાથે, સમાજના તમામ વર્ગોના વિકાસને પ્રાધાન્ય આપી, વર્તમાન સરકાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, સહિત તમામ વર્ગોના સામાજિક અને રાજકીય વિકાસ માટે કટિબધ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી,
આ બાબતે આનંદની લાગણી સાથે સન્માનીય ગૃહના તમામ સભ્યશ્રીઓના ધ્યાને લાવું છું કે પ્રસ્તુત વિધેયક થી વર્તમાનમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમા મળતી અનામતની ટકાવારી તેમજ જોગવાઈઓ યથાવત રાખવામાં આવેલ છે. અને આ વિધેયકથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને હાલની 10% અનામતને વધારીને 27% અનામત કરવામાં આવી છે. આ નિર્ણયથી ઓબીસી વર્ગને શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે 27% અનામત મળે છે તે જ રીતે હવે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં રાજકીય અનામત સ્વરૂપે પણ 27% અનામત આપવામાં જઈ રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,
આ અનામતની યોજના એ ખુબીથી ઘડવામાં આવી છે કે જેનાથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મળતી અનામતને યથાવત રાખી ઓબીસી વર્ગની અનામત વધારી તેનું રાજકીય પ્રતિનિધિત્વ વધારવામાં આવેલ છે અને છેવાડાના વ્યક્તિને પણ રાજકીય પ્રતિનિધિત્વ મળી રહે તેની તકેદારી રાખેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,
હું ઓબીસી સમાજનુ પ્રતિનિધિત્વ કરુ છુ અને મારા વિસ્તારના મોટા ભાગના લોકો ઓબીસી છે. મારા વિસ્તારમાં ધરોઇ ડેમ આવેલો છે અને જેનુ બાંધકામ થયે ૪૦ વર્ષ થયાં તેમ છતાં આ વિસ્તારના ઘણા ભાગોમાં સિંચાઇનુ પાણી મળતુ ન હતું. અને તેના લીધે ૪ ગામોએ છેલ્લી ૪ ચુંટણીઓમાં મતદાન કર્યું નહોતું. ત્યારે આ વિસ્તારના ઓબીસી સમાજના લોકો માટે ચિંતા કરી અને આ ભારતીય જનતા પાર્ટીની માનનીય ભુપેન્દ્રભાઈની સરકારે, જે વિસ્તારમાં પાણી પહોંચતું નહોતું તે વિસ્તારના 54 ગામોમાં ધરોઈ ના પાણીથી તળાવો ભરવા માટે આ બજેટમાં 317 કરોડની જોગવાઈ કરી, આયોજન કર્યું અને તે માટેનું ટેન્ડર પણ પ્રસિદ્ધ થઈ ગયું છે. આમ આ પ્રસંગે આ સરકારનો અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નો હૃદય પૂર્વક આભાર માનું છું

માનનીય અધ્યક્ષશ્રી,
આ નિર્ણયથી રાજ્ય સરકારની સકારાત્મક સામાજિક સમજ અને સમાજના છેવાડાના વર્ગોના રાજકિય ઉત્થાન માટેની નેમ વધુ મક્કમ થઈ છે. આ ઐતિહાસિક પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકો અને તમામ વર્ગો વતી આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો, મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સાહેબનો તેમજ રાજ્ય સરકારશ્રી નો આભાર વ્યક્ત કરું છું અને અભિનંદન પાઠવું છું તેમજ આ વિધેયકને મારુ અનુમોદન આપું છું.

ધન્યવાદ,
જય જય ગરવી ગુજરાત.